પોલીસ કમિશ્નરની કચેરી, સુરત શહેર.

પોલીસ ભવન, અઠવાલાઇન્સ, સુરત શહેર-૩૯૫૦૦૧

વિશેષ શાખા, કચેરી ટેલીફોન-૦૨૬૧ ૨૨૪૧૧૧૦

કંટ્રોલ રૂમ ફેકસ નં. ૦૨૬૧ ૨૨૪૧૩૦૪

e-mail : special.cp.sur@gmail.com


एक कदम स्वच्छता की ओर

## :: જાહેરનામું ::

## -:: ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને – ૧૯૭૩ ની કલમ -૧૪૪ અન્વયેનું જાહેરનામું ::-

**ક્રમાંકઃ એસ.બી/ યુ.પી.એસ.સી.-પરીક્ષા /૧૧૩/૨૦૨૪**

**, આગામી તા.૧૬/૦૬/૨૦૨૪ના રવિવારના રોજ બે ભાગમાં પરીક્ષા લેવાનાર છે જે પહેલા સેશનમાં કલાક ક.૦૯/૩૦ થી ક.૧૧:૩૦ વાગ્યા દરમ્યાન તથા બીજા સેશનમાં ક.૧૪/૩૦ થી ક.૧૬/૩૦ વાગ્યા સુધી સુરત શહેરના કુલ-૧૫ પરીક્ષા કેન્દ્રો ખાતે લેવાનાર છે.** જે પરીક્ષા સુરત શહેર ખાતે નીચે મુજબનાં પરીક્ષા કેન્દ્રો ઉપર (સ્કુલો/હાઈસ્કુલો)માં લેવામાં આવનાર છે. જેથી પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રોની આજુબાજુમાં શાંતિમય વાતાવરણ રહે તેમજ પરીક્ષાર્થીઓને પરીક્ષા દરમ્યાન કોઈ ખલેલ ન પહોંચે તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણીનાં હેતુસર પરીક્ષા કેન્દ્રોની આજુબાજુમાં પરીક્ષા કેન્દ્રોથી ૧૦૦ મીટરના વિસ્તારમાં ચાર કે ચાર થી વધુ વ્યકિતઓ ભેગા થવાની, સભા ભરવાની કે સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩(૧૯૭૪ ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરુ છું કે, સુરત શહેરમાં પરીક્ષા કેન્દ્રોના ૧૦૦ મીટરના વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું કે,

## :: પ્રતિબંધિત કૃત્યોની યાદી ::

(૧) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રિજ્યા અંદર ચાર કરતા વધુ વ્યક્તિઓને એકત્ર થવા, સભા ભરવા કે સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ.

(૨) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રીજ્યા અંદર ઝેરોક્ષ સેન્ટર પરીક્ષા દરમ્યાન ચાલુ રાખવા પર પ્રતિબંધ.

(૩) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રીજ્યા અંદર વાહનો ઉભા રાખવા પર પ્રતિબંધ.

(૪) પરીક્ષા કેન્દ્રના બિલ્ડીંગમાં કોઈપણ પરીક્ષાર્થી તેમજ પરીક્ષા સાથે સંકળાયેલ કોઈપણ કર્મચારીઓ (સરકારી પ્રતિનિધિ સિવાય) મોબાઈલ ફોન, ઈલેકટ્રોનિક્સ ડિવાઈસ અથવા કોમ્યુનિકેશન ડિવાઈસ કે સિસ્ટમ રાખવા /લાવવા લઈ જવા પર પ્રતિબંધ.

### :: પ્રતિબંધિત વિસ્તાર ::

સુરત શહેર પોલીસ કમિશ્નરેટની હકુમત હેઠળની નીચે મુજબની સુરત શહેરની સ્કુલો/ હાઈસ્કુલોમાં નીચે જણાવેલ પરીક્ષા કેન્દ્રો, સ્ટ્રોગ રૂમો તથા આસપાસનો ૧૦૦ મીટરનો વિસ્તાર.

### યુ.પી.એસ.સી.-પરીક્ષા કેન્દ્રોની વિગત દર્શાવતું પત્રક.

**નોંધ :- સુરત શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં કુલ- ૧૫ કેન્દ્રો છે.**

| અ.નં | પરીક્ષા કેન્દ્રનું નામ | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧ | | | | | | |
| | ઉધના પો.સ્ટે. | | | | | |
| ૧ | એસ ઇ એમ હાઇસ્કુલ યુનિટ -૧ પૉસ્ટલ સોસાયટી પાછળ, ઉધના ગામ, ઉધના, સુરત. | | | | | |
| ૨ | ન્યુ મોડેલ હાઇસ્કુલ ભાઠેના-૨,આશીર્વવાદ પાર્ક પાસે,પો.સગરામપુરા,ઉધના,જી.સુરત. | | | | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **અઠવા પો.સ્ટે.** | | | | | | |
| ૩ | શ્રી આર.ડી.ઘાયલ જીવનભારતી માધ્યમિક શાળા ટીમલીયાવાડ રોડ નાનપુરા, સુરત | | | | | |
| ૪ | ટી.એન્ડ ટી.વી. સાર્વજનીક હાઇસ્કુલ નાનપુરા, સુરત | | | | | |
| **ઉમરા પો.સ્ટે.** | | | | | | |
| ૫ | શ્રી. વી.ડી.ટી ગર્લ્સ હાઇસ્કુલ વનિતા વિશ્રામ કેમ્પસ અઠવાલાઇન્સ સુરત | | | | | |
| ૬ | સેન્ટઝેવીયર્સ હાઇસ્કુલ ઘોડ દોડ રોડ., સુરત. | | | | | |
| ૭ | લુર્ડઝ કોન્વેટ હાઈસ્કુલ ઇન્ડોર સ્ટેડીયમ સામે, અઠવાલાઈન્સ, સુરત | | | | | |
| ૮ | ચંદ્રુલાલ છગનલાલ શાહ સાર્વજનિક ઈંગ્લિશ હાઈસ્કુલ એક્સ્પેરીમેન્ટ સ્કુલ કેમ્પસ, પારલે પોઈન્ટ,અંબીકા નિકેતન પાસે અઠવા લાઈન્સ, સુરત | | | | | |
| ૯ | એસગુપ્તા.એન., લોકભારતી વિદ્યાલય, ગુ.માઅશોક પાનની . ગલી, સુરત | | | | | |
| **ખટોદરા પો.સ્ટે.** | | | | | | |
| ૧૦ | વિધાભારતી હિન્દી વિધાલય ભટાર ચાર રસ્તા,ઉધના, મગદલ્લા રોડ, સુરત | | | | | |
| **રાંદેર પો.સ્ટે.** | | | | | | |
| ૧૧ | સંસ્કાર ભારતી વિદ્યાલય રાંદેર પાલનપુર પાટીયા સુરત | | | | | |
| ૧૨ | પીપરડીવાલા ઈંગ્લીશ મિડીયમ હાઇસ્કૂલ રાંદેર સુરત. | | | | | |
| **અડાજણ પો.સ્ટે.** | | | | | | |
| ૧૩ | વી.ડી.દેસાઇ (વાડીવાલા) માધ્યમીક શાળા ( ભુલકા ભવન) પાણીની ટાંકી પાસે, અડાજણ સુરત | | | | | |
| ૧૪ | શ્રીમતી એલ.એન.બી .દાડીયા હાઇસ્કુલ કવિ કલાપી ગાર્ડન પાસે, અડાજણ, સુરત. | | | | | |
| ૧૫ | શ્રી એચ એમ બચકાનીવાલા સરદાર હાઇ (એચ.એમ.બી સરદાર હાઈસ્કૂલ (પાલનપુર પાટિયા, રાંદેર રોડ, સુરત | | | | | |

**:: અપવાદ ::**

**વધુમાં હું આદેશ કરૂં છું કે આ હુકમ નીચે નાઓને લાગુ પડશે નહી.**

(૧) ઉપરોકત પરીક્ષા કાર્યમાં રોકાયેલ વ્યક્તિઓને.

(૨) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં ફરજ ઉપર હોય તેવી વ્યક્તિઓને

**:: અમલવારીનો સમય ::**

**આ હુકમ તા.૧૬/૦૬/૨૦૨૪ ના ક.૦૦/૦૦ થી તા.૧૬/૦૬/૨૦૨૪ના કલાક:૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.**

**:: શિક્ષા ::**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઇન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ ૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

**:: જાહેર વિજ્ઞપ્તિ ::**

તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું. કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી ધ્વારા

તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીશ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ :- ૧૨/૦૬/૨૦૨૪ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

(અનુપમ સિંહ ગહલૌત)
પોલીસ કમિશ્નર,
સુરત શહેર.

પ્રતિ,

(૧) ખાસ પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૧ સુરત શહેર

(૨) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી ટ્રાફિક તથા ક્રાઇમ, સેક્ટર-૨ સુરત શહેર

(૩) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ,સુરત શહેર.

(૪) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીતમામ, સુરત શહેર.

(૫) તમામ પો.સ્ટે./શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર

(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ)

કંટ્રોલ ઇન્ચાર્જશ્રી (૬), સુરત શહેર .(એક નકલ આપવી-તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક)

**સવિનય નકલ રવાના** :-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.

(૨) પોલીસ મહાનિર્દેશકશ્રી અને પોલીસ મહાનિરીક્ષકશ્રી, ગુ.રા., ગાંધીનગર.

(૩) અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.

(૪) પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર, રાજકોટ શહેર/વડોદરા શહેર.

(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી સુરત રેન્જ, સુરત.

(૬) કલેકટરશ્રી, સુરત શહેર.

(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર

(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત

(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત ગ્રામ્ય

(૧૦) નિયામકશ્રી,માહિતી ખાતુ,ગુ.રા., ગાંધીનગર.

(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.

(૧૨) મેનેજરશ્રી, ગવર્નમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).

(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.

(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.

(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત .

(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.

(૧૭) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, (નાનપુરા બહુમાળી,સુરત)

(૧૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત, સેવાસદન-૨, અઠવાલાઇન્સ,

(૧૯) સંયુકત માહીતી નિયામકશ્રી, સુરત.(સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ.)